અપીલ અરજી નં.૨૭૭ તા.૩૦–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૬–૯–૦૮ની અરજીથી આરટીઆઈનો કાયદો અમલમાં આવ્યા બાદ ઉધનાઝોનમાં અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ જેટલી અરજીઓ ગેરકાયદેસર બાંધકામ બાબતે આવી તેમાં એવા કેટલા બાંધકામોની જાણ આપના વિભાગને થઈ જેનો કોઈ રેકર્ડ વિભાગમાં નથી? તેમજ આપના વિભાગ તરફથી થયેલ કામગીરી કરી તેની નામ ,સરનામાં તારીખ તેમજ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩૦–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૭/૨૦૦૮–૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૬–૯–૦૮ની અરજીથી આરટીઆઈનો કાયદો અમલમાં આવ્યા બાદ ઉધનાઝોનમાં અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ જેટલી અરજીઓ ગેરકાયદેસર બાંધકામ બાબતે આવી તેમાં એવા કેટલા બાંધકામોની જાણ આપના વિભાગને થઈ જેનો કોઈ રેકર્ડ વિભાગમાં નથી? તેમજ આપના વિભાગ તરફથી થયેલ કામગીરી કરી તેની નામ ,સરનામાં તારીખ તેમજ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૧ તા.૫–૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજીમાં આરટીઆઈનો કાયદો અમલમાં આવ્યા બાદ ઉધનાઝોનમાં અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ જેટલી અરજીઓ ગેરકાયદેસર બાંધકામ બાબતે આવી તેમાં એવા કેટલા બાંધકામોની જાણ આપના વિભાગને થઈ જેનો કોઈ રેકર્ડ વિભાગમાં નથી? તેમજ આપના વિભાગ તરફથી થયેલ કામગીરી કરી તેની નામ ,સરનામાં તારીખ તેમજ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલના તબકકે પૂરક વિગતો મંગાવવા છતાં આ બાબતે તેમણે કોઈ કાર્યવાહી હાથ ધર્યાની વિગતો કે નહીં હાથ ધરવાના કારણો જણાવેલ નથી. તેટલું જ નહીં પરંતુ માહિતી આપવાની નિયત સમય અવધિ દિન–૩૦ પૂર્ણ થયા બાદ પણ અને અપીલના તબકકે પણ માહિતી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરાયાનું જણાયેલ નથી.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧૬–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,